મુખ્યમંત્રી માતૃશકિત યોજના અંતર્ગત અનાજ વિતરણ કરવા માટે આંગણવાડી કાર્યકરને અનાજના જથ્થાને સસ્તા અનાજના ભાવની દુકાન (**FPS** )થી આંગણવાડી કેન્દ્ર સુધી લાવવા માટે વાહતુક ખર્ચ ચુકવવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **WCDD/IMR/e-file/23/2022/0717/B**

સચિવાલય, ગાંધીનગર

<u>વંચાણે લીધા:</u>

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્ર:આઇસીડી/૧૧૨૦૨૨/૦૦૫૩/બ તા.૧૫/૦૬/૨૦૨૨

(૨) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીના પત્ર ક્ર:પોષણ/ આઇસીડીએસ/**MMY** યોજના વાહતુક /બાબત/ ૫૦૧૬૮ તા. ૧૯/૧૧/૨૦૨૫

<u>પ્રસ્તાવના:</u>

ઉક્ત વંચાણે લીધા (૧) થી "મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના" અમલી બનેલ છે. તથા સંદર્ભ (૨) થી આંગણવાડી કાર્યકરને મુખ્યમંત્રી માતૃશકિત યોજના અંતર્ગત અનાજનો જથ્થો સસ્તા અનાજના ભાવની દુકાન (**FPS** )થી આંગણવાડી કેન્દ્ર સુધી લઇ જવા માટે વાહતુક ખર્ચ ચુકવવાની બાબત વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે, આંગણવાડી કાર્યકરને તેમના કેન્દ્રમાં નોંધાયેલ તમામ લાભપાત્ર લાભાર્થીઓને ઓળખી, યોજનાઓનો લાભ અપાવવા માટે વધુ સક્રિય થવા પ્રોત્સાહન મળે તે માટે "મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના" હેઠળ અનાજનો જથ્થો સસ્તા અનાજના ભાવની દુકાન (**FPS** ) થી આંગણવાડી કેન્દ્ર સુધી લઇ જવા માટે પ્રતિ માસ રૂ. ૨૦૦/- (રૂપિયા બસો પુરા), અને વધુમાં વધુ રૂ. ૨૪૦૦/-ની વાર્ષિક મર્યાદામાં, પ્રતિ કેન્દ્રદીઠ વાહતુક ખર્ચ ચૂકવવા માટે નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો:</u>

(૧) ઉપરોક્ત વાહતુક ખર્ચની રકમ સંબંધિત આંગણવાડી કાર્યકર દ્વારા જથ્થાનો ઉપાડ થયા પછી રૂ.૨૦૦/- માસિક અને વધુમાં વધુ રૂ.૨૪૦૦/- ની વાર્ષિક મર્યાદામાં ચૂકવવાના રહેશે.

(૨) જે આંગણવાડી કેન્દ્રમાં આંગણવાડી કાર્યકર ન હોય અને તે આંગણવાડી કેન્દ્ર માટે આંગણવાડી તેડાગર દ્વારા અનાજનો જથ્થો લઇ જવામાં આવતો હોય તો માત્ર તેવા કેન્દ્રોમાં સંબંધિત તેડાગરને આ વાહતુક ખર્ચ મળવાપાત્ર થશે.

(૩) જે આંગણવાડી કેન્દ્રો પર એક પણ લાભાર્થીની નોંધણી થયેલ નથી,તેવા કેન્દ્રને વાહતુક ખર્ચ ની રકમ ચુકવવાપાત્ર થશે નહિ, જેની ખાતરી જીલ્લા કક્ષાએથી ૧૦૦૦ દિવસ પોર્ટલના ડેશબોર્ડના માસિક અહેવાલના આધારે કરવાની રહેશે.

(૪) આ રકમ સદર યોજનાની ત્રણેય જણસી એક સાથે આવે કે નહિ તે ધ્યાને લીધા વિના,તમામ જથ્થા માટે માસિક ફક્ત એક વખત જ ચુકવવાપાત્ર રહેશે.

(૫) સદર વાહતુક ખર્ચ મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનાના કુલ યોજનાકીય ખર્ચના ભાગરૂપે ગણાય છે. આ ખર્ચની ચૂકવણી નીચેના બજેટ સદર હેઠળ કરવાની રહેશે.

માગણી નંબર : ૧૦૬

મુખ્ય સદર : ૨૨૩૬ પોષણ

પેટા સદર : ૦૩

એન.ટી.આર : ૦૨

વિગતવાર સદર : ૦૦

હેતુ સદર : ૩૧૩૨ (પંચાયતોને અન્ય સંબંધી જનરલ સહાયક અનુદાન )

: ૩૧૩૩ (સ્થાનિક સંસ્થાઓને જનરલ સહાયક અનુદાન )

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નોંધ પર નાણા વિભાગની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.યુ.ગોસાઇ)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક ૨૦, જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
- કમિશ્નરશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા ને બાળ વિકાસની કચેરી,ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર
- સીસ્ટમ મેનેજરશ્રી, (વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ)

Signature Not Verified
Signed by : Dhaval U Gosai
Under Secretary
Women and Child Development Department
Date : 2026.01.06 10:55:49 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- શાખા સિલેક્ટ ફાઈલ.